હાસ્ય, રાજકારણ અને સ્ત્રી

નારી વિશ્વ

દિવ્યાશા દોશી
divyasha.doshi@bombaysamachar.com

જે સંસદમાં સમાનતાનું બંધારણ ઘડાયું એ જ સંસદમાં સ્ત્રી-પુરુષના ભેદ જોવા મળે છે

ગયા અઠવાડિયે રાજ્યસભામાં રેણુકા ચૌધરીના હાસ્ય પર રામાયણ, મહાભારતની ચર્ચાઓ થઈ રહી છે. એ સમયની ક્લિપ મેં પણ જોઈ. જો તમે પણ જોઈ હોય તો જણાશે કે માનનીય વડા પ્રધાન મોદી પોતાનું વક્તવ્ય આપતા હતા ત્યારે બધા જ મિનિસ્ટરો બેન્ચ પર હાથ મારીને હાસ્યની છોળો વેરી રહ્યા હતા. રેણુકા ચૌધરીનો અવાજ આમ પણ થોડો ઊંચો અને ભારે છે. તેમનું હાસ્ય જરા વધુ જોરથી સંભળાયું. બીજા હાસ્યમાં અને આ હાસ્યમાં ફરક એટલો હતો કે તે સ્ત્રીનું હાસ્ય હતું. માનનીય વડા પ્રધાન તે સમયે આધાર કાર્ડના બીજ ભૂતપૂર્વ વડા પ્રધાન વાજપેયીના સમયે વવાયા હોવાનું કહી રહ્યા હતા. હજીએ પહેલાંના વાક્યોથી અન્ય સભાસદોના હાસ્યના પડઘા શમ્યા નહોતા. એ બધા હાસ્યની વચ્ચેથી રેણુકા ચૌધરીનું હાસ્ય સભાપતિ વૈંકેયા નાયડુને અને મોદીજીને વાગ્યું.

ચલો માનીએ કે રેણુકાજીએ આ રીતે રાજ્યસભમાં ન હસવું જોઈએ, પણ અન્ય સભાસદો કે જેમાં અમિત શાહ પણ શામેલ હતા તેઓ પણ મોદીજીના વાક્યો પર ખડખડાટ હસી રહ્યા હતા. તે સમયે રાજ્યસભાનો માહોલ તો ટેક્નોલોજીને પરિણામે કચકડે મઢાઈ ગયો છે અને સાબિત થઈ શકે છે કે જાતીય ભેદભાવ આપણી સંસદના મૂળમાંથી હજી ઊખડ્યો નથી. ડૉ. બાબાસાહેબ આંબેડકર અને તેમની ટીમે બંધારણમાં સમાનતાને મૂળભૂત અધિકારોના સ્વરૂપે મૂક્યા છે. તે છતાં સ્ત્રીઓ સંસદમાં બહુ જ ઓછી ટકાવારીમાં પ્રવેશ મેળવી શકે છે તેનું કારણ છે જાતીય ભેદભાવ આપણા સમાજમાં હજીપણ પ્રસેરેલો જ છે. સભાપતિએ રેણુકા ચૌધરીને હસવા માટે ચેતવણી આપી. જ્યારે મોદીજીએ નમ્રતા દાખવતાં સભાપતિને કહ્યું કે તમે રેણુકા ચૌધરીને કશું જ ન કહો કારણ કે આવું હાસ્ય રામાયણ સિરિયલ બાદ ઘણા સમયે સાંભળ્યું. વળી અમિત શાહ સહિત દરેક સભાજનો ફરીથી ખડખડાટ હસ્યા. તેમાં કેટલીક સ્ત્રીઓ પણ હતી. આ જે ઈંગિત થયું તે એ કે સ્ત્રીનું હાસ્ય યોગ્ય નહોતું. તેને હસવાનો અધિકાર નહોતો છતાં તે હસી. પુરુષોના હાસ્યને સહજ અને સામાન્ય તરીકે લઈ લેવાયું. રામાયણનો ઉલ્લેખ કરીને હસીને પુરુષોએ ઈંગિત કર્યું કે રેણુકા ચૌધરીએ શૂપર્ણખાંની જેમ કે પછી રાક્ષસીઓની જેમ હાસ્ય કર્યું. રામાયણ જે પુરુષો દ્વારા લખાયું છે તેમાં સીતાજીને ખડખડાટ હસતા ટાંક્યા હોય તેવો ખ્યાલ નથી. આ હું કહી રહી છું કારણ કે રામાયણ સિરિયલ મેં પણ જોઈ છે. તેમાં ફક્ત રાક્ષસીઓ અને શૂપર્ણખાને જ હસતા દર્શાવી છે. હાસ્યને અને સ્ત્રીને સંબંધ છે તે મને નાની હતી ત્યારે જ સમજાયું હતું. માફ કરશો અહીં અંગત વાત કહું છું પણ એક સ્ત્રી તરીકે મારો અનુભવ છે એટલે અહીં ટાંકું છું. મારો ઉછેર મુંબઈમાં. મારા પિતાએ ક્યારેય મને ખડખડાટ હસતા રોકી નહોતી. હું ચૌદેક વરસની હોઈશ અને વેકેશનમાં ગુજરાત જવાનું બન્યું. મને માસિક આવવાની શરૂઆત થઈ ત્યારબાદ પહેલીવાર હું અમદાવાદ મારા સંબંધીઓને ત્યાં પ્રસંગ માટે જઈ રહી હતી. મને હજી એ પ્રસંગ યાદ છે કારણ કે કુટુંબમાં બધા ભેગા થયા હતા અને હું મારા કાકાઓની વચ્ચે ખડખડાટ હસી. મને અંદર બોલાવવામાં આવી અને કુટુંબના એક વડિલ બહેને મને ધમકાવીને કહ્યું કે છોકરીની જાત થઈને ખડખડાટ હસાય નહીં. તેમાં પણ પુરુષોની વચ્ચે તો ન જ હસાય. મને સમજાયું નહીં કે શા માટે છોકરીઓથી હસાય નહીં એટલે સામો પ્રશ્ન કર્યો કે બધા જ હસતા હતા એટલે હું પણ હસી. તો છોકરી તરીકે કેમ મારાથી ન હસાય? એ મારા વડિલબહેનનો ગુસ્સો વધ્યો. છોકરીની જાતને વળી હાહાહીહી કરવાનું કેવું. તેમાં ય પુરુષોની વચ્ચે તો હવે બેસવાનું બંધ કરવાનું. છોકરીઓએ મર્યાદા જાળવવાની. રસોડામાં જ કામ શીખવાનું હોય. બહુ બહાર જઈને હસવા કરવાથી લગ્ન નહીં થાય વગેરે વગેરે.

તે સમયે હું તેમની સામે કશું જ બોલી ન શકી. પરંતુ ત્યારબાદ એ ઘરમાં બહુ રહેતી નહીં. બહાર ફરવા જઈએ સરખે સરખા પરિવારજનો સાથે ત્યારે છૂટથી હસતી. પછી તો નોંધ્યું કે ત્યાંના મારા પરિવારની કોઈ સ્ત્રીને મેં ખડખડાટ હસતાં જોઈ નહોતી. હા લગ્નોમાં ફટાણાં ગાતી વખતે મોઢું ઢાંકીને હસી લેતી જોઈ છે. આ વાત છે પાંત્રીસેક વરસ પહેલાંની. હવે તો સમય અને સંજોગો બદલાયા છે. મુક્ત હાસ્ય સ્ત્રીઓનું જોવા મળે છે. કહે છે કે દ્રૌપદીના હસવા માત્રથી મહાભારત રચાયું. સ્ત્રીના હાસ્યમાં આટલી શક્તિ હોય તો દુનિયા બદલાઈ જવી જોઈએ. પુરુષોની હિંસા કે અટ્ટહાસ્યો કેમ કોઈને દેખાતા નથી કે તેના વિશે આરોપો મુકાતા નથી. રામાયણમાં પણ મંથરાનું કૈકેયીને પોતાની માગણીઓ અને અધિકારો માટે ઉકસાવ્યા બાદનું હાસ્ય. શૂપર્ણખાનું લક્ષ્મણ પ્રત્યેનું હાસ્ય. આ બધા હાસ્ય કોણે જોયા અને કોણે લખ્યા તે સવાલો કેટલાક સ્કોલર કરે છે. આપણા ધાર્મિક ગ્રંથો પુરુષો દ્વારા લખાયા છે એટલે તેમની દૃષ્ટિ અને વિચાર જુદા હોઈ શકે તેવી શક્યતાઓ નારીવાદિ અભ્યાસીઓ તપાસી રહ્યા છે. પિતૃસત્તાક માનસિકતાના મૂળ આપણા ધર્મગ્રંથોમાં છે. એટલે જ મોદીજીએ રામાયણનું ઉદાહરણ ટાંક્યું. એટલે જ ફક્ત રેણુકાજીનું જ હાસ્ય સંભળાયું અને કઠ્યું.

બંધનો સ્ત્રી માટે સદીઓથી ચાલી આવ્યા છે. સ્ત્રી હોવા માત્રથી તેનાથી કેટલાક કામ ન થાય એવી ખોટી માન્યતાઓથી પર થવાની જરૂર છે. રેણુકા ચૌધરીએ આટલા જોરથી ન હસવું જોઈએ તેમાં યે વડા પ્રધાન વક્તવ્ય આપતા હોય તે માન્યું, પણ માનનીય વડા પ્રધાને રામાયણનો ઉલ્લેખ કરવાની જરૂર હતી ખરી? એવો સવાલ કેમ અન્ય પુરુષ સભાસદોએ ન ઉઠાવ્યો? કેમ અન્ય પુરુષો સભામાં હસી રહ્યા હતા? માનનીય વડા પ્રધાને સ્ત્રી પર કટાક્ષ કર્યો તે સમયે કેમ અન્ય પુરુષોએ ખડખડાટ હસવાની ચેષ્ટા કરી તેની સામે કોઈ ટીકાઓ ન થઈ. કેટલાક રેણુકાજીના સમર્થકો સિવાય આવા સવાલો ઉઠાવવાની કે કરવાની અન્ય સ્ત્રી સભાસદોને કે પુરુષ સભાસદોને જરૂર ન જણાઈ. રાજ્યસભાની આમાન્યા સ્ત્રીએ જ જાળવવાની હોય એવો સંદેશ એ જ સંસદમાંથી લોકોમાં જઈ રહ્યો છે જ્યાંથી સમાનતાના અધિકાર આપતું બંધારણ ઘડાયું.

હસવાનો કોઈને વાંધો ન હોવો જોઈએ. રાજકારણ આમ પણ હાસ્યાસ્પદ બની રહ્યું છે. નવાઈ ત્યારે લાગે કે સરાજકારણ અને હસવા સાથે સ્ત્રીને દરેક વખતે આરોપી બનાવવામાં આવે છે. દ્રૌપદીના હાસ્યને દાઢમાં રાખીને દુર્યોધન ભરી સભામાં દ્રૌપદીને ઘસડીને લાવવાનો આદેશ આપ્યો તે સમયે માંધાતા પુરુષો પણ નતમસ્તકે બેસી રહ્યા. આ લેખ બાબતે પણ કેટલાક પુરુષો કહેશે કે અહીં સ્ત્રી પુરુષના ભેદની વાત શું કામ ઘસડી લાવો છો. જાતીય ભેદભાવની વાત કરીને શું કામ ચોળીને ચીકણું કરો છો.

પણ પિતૃસત્તાક સમાજ સ્ત્રીના હાસ્યને જ ફક્ત ગુનેગારના પાંજરામાં રાખીને ગમે તે કહે કે વર્તે તો ચાલે. વડા પ્રધાન સ્ત્રીના હાસ્યને દાઢમાં રાખીને ગમે તે બોલે તે ચાલી શકે.... આ રાજકારણ પિતૃસત્તાક માનસિકતાનો જ પડઘો છે તે સાબિત કરે છે. શાહમૃગની જેમ રેતીમાં માથું ખોસી દેવાથી હકીકત બદલાશે નહીં જ. ■

કૉર્પોરેટ ક્ષેત્રની કન્યાઓનો સાજઅસબાબ

ફેશન

મિતા ઉપાધ્યાય
feedback.ladki@bombaysamachar.com

હજુ હમણાં સુધી કોર્પોરેટ કંપનીઓમાં કાર્યરત માનુનીઓ માટે પૅન્ટ સૂટને યુનિફોર્મ લેખવામાં આવતો હતો. એ હવે પાર્ટી ડ્રેસ તરીકે ચલણમાં છે. કલરફુલ પૅન્ટ સૂટને ડિઝાઈનરોએ નવા કટ્સ આપીને સ્ટાઈલિશ બનાવી દીધા છે.

બૉલીવૂડમાં સિત્તેરના દાયકાની ફિલ્મોમાં અભિનેત્રીઓ હાઈ વેસ્ટ-વાઈડ લૉંગ પેન્ટ અને સૂટમાં નજરે પડતી હતી. ફૅશનનું ચક્ર ફરી એકવાર ફરીને આજ સ્ટાઈલ પર આવ્યું છે. ફરક છે માત્ર કટ્સનો. ડિઝાઈનરોએ પૅન્ટ અને સૂટમાં નવા પ્રયોગો કર્યા છે.

પૅન્ટસ : આ સૂટ સેટમાં પૅન્ટ સાથે અનેક પ્રયોગ કરવામાં આવ્યા છે. હાઈટ અને પર્સનલ સ્ટાઈલને અનુલક્ષીને પૅન્ટને નૈરો, ઍન્કલ લેન્થ અને નૈરો ફિટ પૅન્ટસ સારા લાગી શકે છે. સપ્રમાણ દેહયષ્ટિ અને ઊંચાઈ હોય તો વાઈડ લૅગ અને પલાઝો પૅન્ટનું ઑપ્શન અપનાવી શકો.

બ્લૅઝર : ટેલર મેડ સૂટ બનાવડાવવાનો વિચાર કરતા હો તો ઊંચાઈ પર ખાસ ધ્યાન આપવું. તમારી લંબાઈ ઓછી હોય તો વેસ્ટ લૅન્થ બ્લેઝર સારું લાગે. ફિટિંગ બંધબેસતું હોવાનું ધ્યાન રાખવું. અનેક કટ્સનો ઉપયોગ કરી શકાય છે. લૂઝ પૅન્ટ અને લૉન્ગ લેન્થ બ્લેઝર લાંબી યુવતીઓને સારા જ લાગે. આ સાથે ટૂ બટન અને ફોર બટન બ્લેઝર પસંદ કરી શકો. તમારી પર્સનાલિટી અને કમ્ફર્ટ પ્રમાણે પસંદગી કરવી જોઈએ. ફોર બટન સ્ટાઈલ બધાંને સૂટ કરે તેવું હરગિજ માની લેવું ન જોઈએ.

એટલે ટ્રાય કર્યા પછી ખરીદવાનું હિતાવહ છે.

શર્ટઃ ફૉર્મલ લૂક માટે યુવતીઓ શર્ટ પહેરતી હોય છે. પણ હવે પાર્ટી લૂક મેળવવા શર્ટ પહેરી શકો. વાઈડ કૉલરવાળા શર્ટનું ચલણ વધી રહ્યું છે. આવા શર્ટ સાથે વી નૅક અને રાઉન્ડ નૅક ટૉપ સૂટ સાથે પ્રસંગ પ્રમાણે પહેરી શકો છો.

એક્સેસરીસ : સૂટ સાથે મિનિમલ એક્સેસરીસ પહેરશો તો સૉબર અને ઍલિગન્ટ લૂક મેળવી શકશો. લૉંગ ચેન પેડન્ડન્ટ સૂટ સાથે સારી લાગે છે. સૂટ સાથે પ્લંજિંગ નૅકલાઈન ટૉપ પહેરવાના હો તો ખૂબસૂરત લાગે છે. આની સાથે સ્ટાઈલ સ્ટેટમેન્ટ ઍરિંગ્સ પહેરવાનું ભૂલતા નહીં.

કલર્સઃ પાર્ટી અથવા આઉટિંગ માટે બ્રાઈટ કલર સારાં લાગે છે. રેડ સાથે બ્લૅક, બ્લુ, ગ્રીન વ્હાઈટ, સારાં લાગે છે. વારંવાર પાર્ટી એટેન્ડ કરતા હો તો પ્રિન્ટેડ અને ચૅક્સ સૂટ ટ્રાય કરી જોજો. નાઈટ પાર્ટી માટે મેટેલિક સૂટ પસંદ કરી શકો છો. કલરની પસંદગી તમારી તમારા સ્કિન ટોનને અનુરૂપ કરશો તો ઝકાસ લાગશો. ■

ઉલઝનની આરપાર

કેતકી જાની
feedback.ladki@bombaysamachar.com

બ્રેસ્ટ કૅન્સરવાળી ફ્રેન્ડ માટે હું શું કરી શકું?

હાય, આજે હું મારી એક ફ્રેન્ડ વિશે વાત કરવા માગું છું. આજથી લગભગ સાત-આઠ મહિના પહેલા તેને બ્રેસ્ટ કૅન્સર ડિટેક્ટ થયું છે. આ ઘટના થયાની સાથે જ જાણે તેની દુનિયા ઉપરતળે થઈ ગઈ છે. તેનો પતિ દિનપ્રતિદિન તેનાથી વિમુખ થઈ રહ્યો છે. બેડરૂમ લાઈફ ખતમ થઈ હોવાથી મારી ફ્રેન્ડ મારી સમક્ષ રોઈ પડે છે વારંવાર. તેને કોઈ ઈલાજમાં રસ નથી રહ્યો જાણે હજી બે દિવસ પહેલા જ તે આત્મહત્યા કરી નાખું તેવી વાતો કરતી હતી. બહુ મુશ્કેલીથી તેને સમજાવી હતી. તેને એક નાની બાળકી છે, તેને નિમિત્ત બનાવી તે આત્મહત્યા નહીં કરે તેવું વચન લીધું છે. ઘરના બાળકી સિવાય બધા જાણે તેને પસંદ નથી કરતા, તો પિયર પક્ષે પણ તેનું કોઈ નથી. તેના માટે હું શું કરું?

જવાબ હલ્લો... આપે લખી મોકલેલી વાત ખરેખર આઘાતજનક છે. આવા જડ લોકો આપણી વચ્ચે જીવે છે તે અટલ સત્ય છે. સૌ પ્રથમ તો આપની દોસ્તને મારા તરફથી એક પ્રેમાળ જાદુની જપ્પી. તે ખરેખર નસીબદાર છે કે તેને તમારા જેવી દોસ્ત મળી છે. એ સાથે જ તમારી ભૂમિકા તેના માટે માત્ર દોસ્તની જ ના રહેતા તેના માતા-બહેન જેવા સંબંધો સુધી વિસ્તરી છે. તમારે તેના માટે આ ત્રણેય બની જવાનું. તેને ખૂબ ખૂબ સધિયારો આપો. તેને હમણાં તમારી ખૂબ જરૂર છે તે જાણી લો. કેમ કે આ પેશન્ટના આત્મવિશ્વાસનું સ્તર સારવાર દરમિયાન ઑલમૉસ્ટ ઝીરો લેવલનું હોય છે. મને વિશ્વાસ છે તમે તેમના આત્મવિશ્વાસને ડગવા નહીં દો.

આ કેસમાં વિચારની બીજી દિશા કૅન્સર પેશન્ટના ઘર તરફ ફંટાય છે. તેમના ઘરનાં દરેક લોકોને સમાજના વિવિધ કૅન્સર સર્વાઈવર વિશે અવારનવાર વર્તમાન પત્રો કે મેગેજિન્સમાં આવતી બહાદુરીભરી વાતો વાંચવા આપો. તે બધાને જણાવો કે ‘કૅન્સર’ થવાથી જીવન સાવ જ ખતમ નથી થવાનું. ઘરના લોકો સપોર્ટ કરશે તો તમારી દોસ્ત ફરી સ્વસ્થ થઈ નોર્મલ લાઈફ જીવવા માંડશે. તેમના પતિને પણ વિવિધ વેબસાઈટ્સ પરથી જાણી શકે કે કૅન્સર સર્વાઈવર્સની પર્સનલ લાઈફ જીવવામાં કોઈ જ પ્રોબ્લેમ નથી આવતો. તેમણે તાત્કાલિક કોઈ ડૉક્ટરને મળવું જોઈએ. તેમનું પત્ની સાથેનું વર્તન આ બીમારમાં નવી આશા જન્માવી શકવા સમર્થ છે. વિશ્વભરમાં અનેક કૅન્સર દર્દીઓ ખુશહાલ જીવન જીવે છે અને તમારી મિત્રને પણ હક છે ખુશહાલ જીવન જીવવાનો. તેમને કહેજો કે તે એકદમ સ્વસ્થ જ છે, કૅન્સરને માત કરવા જેવો આત્મવિશ્વાસ તેઓ પોતે જ પોતાની અંદર જન્માવે. તેઓને સમજાવો કે જીવન પણ ખૂબ અમૂલ્ય ભેટ છે. તેને ખોટા વિચારો કરી નષ્ટ ના કરે.

છોકરીએ કેવી મેન્ટાલિટી રાખવી જોઈએ?

હાય... હું ત્રેવીસ વર્ષની છું આપની કટાર વાંચવા ઉપરાંત આપની ફેસબુક ફોલોવર છું. નિયમિત આપને વાંચું છું. ફૉલો કરું છું. ખાસ કરીને આપના સ્ત્રી વિષયક અને સમાજસુધારાના કેટલાક મુદ્દાઓ સાથે સહમત છું. મારો પ્રશ્ન એ છે કે એક છોકરીએ કેવી મેન્ટાલિટી રાખવી જોઈએ, આ સમાજમાં? કંઈક માર્ગદર્શન આપો તો અમારી માનસિકતા યોગ્ય રીતે ડેવલપ થઈ શકે.



જવાબ ફર્સ્ટ ઑફ ઓલ થેંક્સ કે તે મને આ પ્રશ્ન પૂછવા માટે યોગ્ય ગણી. આપણી સ્ત્રીઓની આજની સમાજિક પરિસ્થિતિ છે તેમાં પહેલાના જમાનાની સ્ત્રીઓની સરખામણીએ આપણે ઘણા સ્વતંત્ર થયા છીએ, પરંતુ હજી પણ ક્યાંક કશુંક ખૂટે છે ફ્રેમ પૂરી થવામાં એ પણ હકીકત જ છે ને? રોજબરોજ યેનકેન રીતે સ્ત્રીઓને પતાડવાનું કામ ચાલું જ છે. આજે આપણી પાસે એક મુખ્ય હથિયાર છે, તે એ કે આપણા ખુદ માટે વિચારવું. ખુદને સમય આપવો કે મારે શું કરવું છે જીવનમાં? પોતાની સમાંતર માટેના હકને ક્યાંયથી હાનિ ના પહોંચે તે રીતે તેનું રક્ષણ કરવાની જવાબદારી કોઈ પણ સ્ત્રીની પોતાની છે. કોઈ પણ સ્ત્રી ક્યાંય પણ દુ:ખી છું કે કોઈ હીન માનસના અન્ય લોકોથી પીડિત છે તો તે પરિસ્થિતિમાં ચૂપચાપ બેસવું તે અન્યાય કરનારને ઉત્તેજન આપવા જેવું જ છે. અગર હું કોઈની કનડગત ચલાવી લઉં તો તેઓ તો સમજશે કે બધુ ઠીક જ છે. માટે દરેક સ્ત્રી/છોકરીએ પોતાના અસ્તિત્વ માટે સભાન રહેવું સૌ પ્રથમ જરૂરી છે. પોતાનું જીવન આરામથી વીતે તેની વ્યવસ્થા તમારી પોતાની છે, તમારાં પાલક, ભાઈ, પતિ કે પુત્રની નહીં. માટે જાન રેડીને ભણો. ભણતરમાં અવ્વલ હશો તો તમને મનપસંદ ભવિષ્ય ઘડવાથી કોઈ રોકી નહીં શકે. ભણવાનું પતે તે પહેલાં જ કયા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી છે તે નક્કી રાખો. તમે જાતે કમાઓ. તમે જાતે કમાયેલા પૈસા તમારી પોતાની પાસે જ રાખો. તમારા માટે તમારી કમાણીથી જીવનની ત્રીસી નજીક પહોંચતા એક ખૂણાની, એક નાના પણ સારા ઘરની વ્યવસ્થા કરો, જ્યાંથી તમને જીવનનાં કોઈ જ તબક્કે કોઈ બોલી ના શકે કે નીકળ અહીંથી બહાર આપણું પોતાનું માત્ર આપણાં જ નામે હોય તેવું નાનું એક રૂમનું પણ ઘર હોવું જ જોઈએ. જીવનના પચીસ વર્ષ બાદ દરેક નિર્ણયમાં પાલક અને ઘરના અન્ય સભ્યોનો મત જરૂર લો, પણ તમારું મન કહે તે જ નિર્ણય લો. તમારા માટે એક વાહન (બે પૈંડાનું કે ચાર પૈડાંનું) ખાસ ખરીદો. તમારી કમાણીથી પોતાનું વાહન હોવું તે એક મિત્રની ગરજ સારે છે. જીવનસાથી વિશે વિચારવાના તબક્કે કેટલીક બાબતો ખાસ ધ્યાન રાખો. ખૂબ પૈસાદાર/માલદાર/અમીર પતિ જ હોવો જોઈએ અને હશે તો જ જીવનમાં શાંતિ રહેશે. આવો ખ્યાલ પૈસા ઘરમૂળથી બદલી નાખો. પૈસાદાર પતિ તરફથી મળનારી સુવિધા હંમેશાં મફત નથી હોતી. તેની સાથે તે કહે તેમ જ રહેવાનું, તે કરે તેમ જ જીવવાનું જેવી ગુલામગીરીનું પેકેજ ડીલની જેમ સાથે આવે જ તે, નોંધી રાખો. તમારા સ્વભાવ મુજબ મનમોકળાશથી શ્વાસ લેવા દે, તમારાં અસ્તિત્વને અવરોધે નહીં તેવા સ્વભાવવાળો પુરુષ જીવનસાથી તરીકે પસંદ કરો. ભલે એકદમ નાનપણથી સાથે ભણ્યો, ઊછર્યા હોવ તેવો બોયફ્રેન્ડ હોય કે કૉલેજકાળની મિત્રતા હોય-લગ્ન પહેલાં સેક્સ માણવાની ઉતાવળ ના કરો તો તમારાં માટે સારું છે. તમારાં જીવનનાં મહત્ત્વના ફેંસલા તમે લેશો તો ઑટોમેટિકલી તેના માટેની જવાબદારી પણ તમને મળશે, જે જરૂરી છે. કોઈને પણ ના, સ્પષ્ટ ના, કહેતા શીખો. તમારા આસપાસના વર્તુળને ખબર હોવી જોઈએ કે તમારી ના નો મતલબ હા નથી, તમે જે કરશો તે જ કરશો. આ દુનિયામાં કંઈ જ મફત નથી હોતું, દરેક વસ્તુની કિંમત એક યા બીજી રીતે ચૂકવવી પડે છે માટે કોઈ પણ તરફથી (ખાસ તો બોયફ્રેન્ડ) ગિફ્ટ, હૉટેલિંગ કે આઉટિંગ જેવી લાલચ ના રાખો. પુરુષો દ્વારા સ્ત્રીઓને ઓફર થતી ગિફ્ટ, સગવડ વગેરે પાછળ લગભગ તેમનો ઈરાદો ‘કંઈક’ મેળવવાનો હોય જ છે. કોઈ પણ પુરુષ/છોકરાના સંપર્કમાં આવવાથી અને તેની સાથે સંબંધ વિકસે તે તબક્કાના આપણા મનમાં તે પુરુષની વૃત્તિ વિશે સહજ ભાન આવે છે. તમારાં મનની તે સિકસ્થ સેન્સ હંમેશાં સતેજ રાખો, તેનું કહ્યું માનો. તમે તમારા કરેલા જે-તે ફેંસલામાં શક્ય બને કે ક્યારેક નિષ્ફળ પણ સાબિત થાવ, પણ તેવા સંજોગોમાં પણ ગભરાવાનું નહીં, આપણી સાથે કંઈક ખરાબ થાય તો તેનો મતલબ એમ નહીં કે દુનિયા ખતમ. પરિસ્થિતિનો ફરી તલસ્પર્શી અભ્યાસ કરો તમે ક્યાં ખોટાં હતાં તે જાણો અને એક ન્યૂ બ્રાન્ડ દિવસને, અનુભવના તે ભાથા સાથે વેલકમ કરો. તમારાં જીવનમાં તમને ગમતી વસ્તુઓ ખરીદો, તમને ગમતી પરિસ્થિતિઓ ઊભી કરો, તમારાં શોખને પૂરાં કરો-કારણ કે તમારું જીવન આગળ કહ્યું તેમ તમારી જવાબદારી છે અને એક ઉત્કૃષ્ટ જીવન જીવી આ દુનિયામાં રહેવું આપણો જન્મસિદ્ધ અધિકાર છે.

આ થઈ એક સ્ત્રીની પોતાને સફળ કરવાની વાત. હવે

(જુઓ પાનું ૩) ▸▸

સવાલ આ ઈ-મેઈલ પર મોકલી આપો savaal@bombaysamachar.com